GJVD020475102021 Sp.C.S.NO. 254-2021

–:: <u>પ્રતિવાદીની આંક–૨૧ ની અરજી લગત હુકમ</u> ::–

(૧) પ્રતિવાદીએ હાલની અરજી આપી એવી રજુઆત કરેલ છે કે, વાદીએ હાલનો દાવો પ્રતિવાદી નં.૧ ના લાભમાં થયેલ તા.૦૬/૦૪/૧૯૮૭ નો તથા પ્રતિવાદી નં.૧૧ ના લાભમાં તા.૧૦/૦૫/૨૦૧૯ ના રોજ થયેલ વેચાણ દસ્તાવેજો રદ કરાવી લેવાની દાદ માંગેલ છે. વાદીએ પ્રતિવાદીઓના જુદા જુદા વેચાણ દસ્તાવેજોની રકમ એમ તમામ લખાણની રકમનો સરવાળો કરી તેના આધારે કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ છે પરંતુ નિયમોનુસાર જુદી જુદી ગણતરી કરી જુદી જુદી કોર્ટ ફી ભરવાની થાય છે જેથી વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. વાદીના દાવા અરજીની વિગતો જોતા દાવાના કામે પ્રતિવાદી નં.૧૦ નો વેચાણ દસ્તાવેજ કે જે તા.૦૬/૦૪/૧૯૮૭ ના રોજનો છે તે રદ કરાવવાનો દાવો ૨૦૨૧ માં કરેલ છે એટલે કે વેચાણ દસ્તાવેજ થયાના ૩૩ વર્ષથી વધુ સમય બાદ હાલનો દાવો કરેલ છે. જેથી વાદીના દાવાને સમય મર્યાદાના કાયદાની જોગવાઈઓનો બાધ નડે છે. વધુમાં, વાદી દાવા અરજીના પેરા નં.૫ માં જણાવે છે કે પ્રતિવાદી નં.૧૦ ના વેચાણ દસ્તાવેજ આધારે તેઓએ સને–૨૦૧૦ માં ફેરફાર નોંધ નં.૧૮૧૨ પડાવેલી અને તેઓને ૧૩૫ –ડી ની નોટીસ બજતા તેઓએ સદર ફેરફારનોંધ નં.૧૮૧૨ સામે વાંધા આપેલ હતા. જે હકીકત ધ્યાને લેતા પણ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ વાદીના દાવાને સમય મર્યાદાનો ડીલે લેજીસના સિધ્ધાંતોનો બાધ નડે છે.જેથી વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. તેમજ જમીનનો વેચાણ દસ્તાવેજ નં.૩૨૬૨/૧૯૮૭ તા.૦૬/૦૪/૧૯૮૭ નો દસ્તાવેજ છે. જે દસ્તાવેજ વડીલોએ કરી આપેલ હતો તેમ વાદી પોતાની દાવા અરજીમાં જણાવે છે. જેથી હાલના વાદીને સદર જમીન અંગે ૧૯૮૭ મા થયેલ વેચાણ દસ્તાવેજ ની જાણ હોવાનું દાવા અરજીની હકીકતથી સ્પષ્ટ થાય છે. આમ, જયારે સદર જમીનનો દસ્તાવેજ ૧૯૮૭ મા થઈ ગયેલ હોવાનું કબુલ રાખતા હોય તો ૩૪ વર્ષના વિલંબ બાદ વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે. વાદીનો દાવો જો રદ કરવામાં નહી આવે તો વાદી જેવા ખોટા દાવા કરનાર ઈસમોને ખોટા દાવામાં પ્રોત્સાહન મળશે અને પ્રતિવાદી જેવા નિર્દોષ ઈસમોને કોઈ પણ વાંક કે કસૂર વગર ખોટી હેરાનગતિઓ અવગડો વેઠવી પડશે અને અમારી જમીન બિનજરૂરી રીતે વાદગ્રસ્ત બની જશે. કાયદાકીય કાર્યવાહીઓ પાછળ નાણાં અને સમય શકિતનો વ્યય થશે જેથી વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧ ની જોગવાઈ મુજબ રદ કરવા અરજ કરેલ છે.

(૨) પ્રતિવાદીની અરજીનો આંક–૨૩ થી વાદી તરફે જવાબ રજુ કરવામાં આવેલ છે જેમાં પ્રતિવાદીની અરજીના પેરાવાઈઝ ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે,વાદીએ પ્રતિવાદી વિરૂધ્ધ વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા તથા વડીલોપાર્જીત મિલકતોની અરસ પરસ વહેંચણી કરી લેવા માટે હાલનો દાવો કરેલ છે. વડોદરા સબ ડીસ્ટ્રીકટ, વડોદરાના મોજે ગામ ચિખોદરાની સીમના બ્લોક/સર્વે નં.૪૧૧ (જુનો સર્વે નં.૫૦૪) વાળી જમીનો દાવાવાળી મિલકત છે. વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૬ બાઈડહી ના પુત્ર ચંદુભાઈ ધુળાભાઈ ના વારસદારો છે. બાઈડહી મૈયત થતા ફેરફાર નોંધ નં.૧૦૪૭ થી ધુળાભાઈ લલ્લુભાઈ ની વારસાઈ નોંધ પાડવામાં આવેલ. સદર વારસાઈ નોંધ નં.૧૦૪૭ ગામ દફતરે પડેલ તેમા ધુળાભાઈ લલ્લુભાઈના વારસદારો (૧) સનાભાઈ ધુળાભાઈ (૨) કમળાબેન ધુળાભાઈ (૩) રેવાબેન તે ચંદુભાઈ ધુળાભાઈની વિધવા (૪) ભાઈલાલભાઈ ધુળાભાઈ ના નામો દાખલ થયેલ પરંતુ સદર નોંધ પડેલ તે સમય ચંદુભાઈ ધુળાભાઈ મૈયત થયેલ હતા જેથી ચંદુભાઈ ધુળાભાઈના અન્ય વારસદારો એટલે કે વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૬ ના નામો દાખલ કરવામા આવેલ નહી અને માત્ર ચંદુભાઈ ધુળાભાઈની વિધવા તરીકે રેવાબેનનું નામ ગામ દફતરે દાખલ કરેલ. આમ ધુળાભાઈ લલ્લુભાઈની અધુરી વારસાઈ કરવામાં આવેલી. સદર જમીનમાં વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૬ નાઓની હિંદુ વારસાઈ અધિનિયમ અન્વયે કાયદેસરનો લાગ–ભાગ, હકક –હિત, હિસ્સો હોવા છતા પ્રતિવાદી નં.૭, ૮, ૯ ના વડીલોએ રેવાબેનને ગેરમાર્ગે દોરી આડુ અવડુ સમજાવી પ્રતિવાદી નં.૧૦ નાઓને ચંદુભાઈ ધુળાભાઈના એકમાત્ર વારસદાર હોય વેચાણ દસ્તાવેજ નં.૩૨૬૨/૧૯૮૭ તા.૦૬/૦૪/૧૯૮૭ ના રોજ કરી આપેલ જેમા ચંદુભાઈ ધુળાભાઈના અન્ય વારસદારો ની સહી સંમતિ વગર ગેરકાયદેસર રીતે માત્ર રેવન્યુ રેકર્ડના નામોના આધારે કરી આપવામાં આવેલ. આમ, વાદ વાળી મિલકતમાં વાદીના વડીલ ચંદુભાઈ ધુળાભાઈના વારસોનો લાગ–ભાગ, હકક–હિસ્સો હોવા છતા કોઈ પણ જાતની સંમતિ મેળવવામાં આવેલી નહી અને પ્રતિવાદી નં.૭ થી ૯ ના વડીલોએ વાદી અને પ્રતિવાદી નં.૧ થી ૬ નો હકક, હિસ્સો ડુબાડેલ છે.

(૩) વાદીને કોઈ પણ જાતની રેવન્યુ રેકર્ડની માહિતી ન હોય રેવન્યુ રેકર્ડની તપાસ કરતા જણાયેલ કે, સને ૨૦૦૭ માં પ્રતિવાદી નં.૫ નાઓએ ચંદુભાઈ ધુળાભાઈ ના વારસોના નામ જે તે સમયે વાદીના વડીલોએ ફેરફાર નોંધ નં.૧૦૪૭ માં વાદીનું નામ દાખલ કરાવેલ ન હોય પ્રતિવાદી નં.૫ નાઓએ ૨૦૦૭ માં ફેરફાર નોંધ નં.૧૦૪૭ ની અધુરી સંપૂર્ણ કરાવવા ચંદુભાઈ ધુળાભાઈ ના તમામ વારસદારોનુ પેઢીનામું રજુ કરી ફેરફાર નોંધ નં.૧૬૧૧ પડાવેલ અને તે આધારે પ્રતિવાદી નં.૧ થી ૬ નાઓ દાવાવાળી મિલકતના કાયદેસરના માલિક અને કબજેદાર થયેલ.

(૪) દાવાવાળી મિલકતમાં પ્રતિવાદી નં.૧૦ ના ઓએ કહેવાતો વેચાણ દસ્તાવેજ કરાવી લીધા બાદ ૨૦૧૦ સુધીમાં વેચાણ દસ્તાવેજના આધારે રેવન્યુ રેકર્ડમાં કોઈ પણ જાતની નોંધ કરાવવા કાર્યવાહી કરેલ નહી અને ૨૦૧૦ માં સદર વેચાણ દસ્તાવેજના આધારે ગામ રેકર્ડમાં ફેરફાર નોંધ નં .૧૮૧૨ આશરે ૨૩ વર્ષ પછી દાખલ કરવા અરજી કરતા પ્રતિવાદી નં.૧ થી ૬ તથા અન્ય પ્રતિવાદીઓના નામો ગામ દફતરે ચાલતા હોય રેવન્યુ કોડની કલમ–૧૩૫(ડી) ની નોટીસ બજતા તેઓએ વાંધા આપેલા અને સદર તકરારી નોંધ થયેલ તેમ છતા પ્રતિવાદી નં.૧૦ નાએ

પ્રતિવાદી નં.૧૧ નાને સદર જમીન વેચાણ કરી દીધેલ. ત્યારબાદ અમો વાદી અમારા પિયર આવતા સને ૨૦૧૯ માં સ્પેશ્યલ મુકદમા નં.૩૪૮/૨૦૧૯ ના દાવાની નોટીસ વાદીના માતાના નામે ઘરે આવતા અમારા ભાઈને પુછપરછ કરેલ. જેથી અમારા ભાઈએ જણાવેલ કે, વડીલોપાર્જીત મિલકતો આવેલી છે તેમાં આપડો હકક હિસ્સો છે અને તે બાબતે હું લડી રહેલ છું જેથી અમારા ભાઈ પાસે જમીન બાબતની માહિતી મેળવી રેવન્યુ રેકર્ડ કઢાવતા જાણ થયેલ કે ચંદુભાઈ ઘુળાભાઈની વારસાઈમાં ફેરફાર નોંધ નં.૧૬૧૧ થી તમામ વારસોના નામો દાખલ કરાવેલ હોવા છતા વાદીનું નામ જે તે સમયે દાખલ થયેલ નહી તેની જાણ થયેલી. આમ, પ્રતિવાદી નં.૧૦ નાએ કહેવાતા વેચાણ દસ્તાવેજના આધારે કોઈ માલિકી પ્રાપ્ત થયેલ નથી. કારણ કે વાદીના વડીલોએ અમારા પિતા ચંદુભાઈ ઘુળાભાઈ મૈયત થયેલ હોવા છતા અમારી માતાનુ એકલાનું નામ ડહીબેનના વારસદાર તરીકે દાખલ કરાવેલ. જે ગેરકાયદેસર છે. જેથી પ્રતિવાદી નં.૧૦ નાઓએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૬ ના હકક હિત વિરૂધ્ધનું હોય અને સદર દસ્તાવેજ અન્વયે પ્રતિવાદી નં.૧૦ ને કોઈ હકક અધિકાર પ્રાપ્ત થયેલ ન હોવા છતા પ્રતિવાદી નં.૧૦ નાને કરી આપેલ વેચાણના વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૬ ની સહી ન હોય વાદીને બંધનકર્તા નથી. આ રીતે પ્રતિવાદી નં.૧૧ ને પણ દાવાવાળી મિલકત પર કોઈ પણ જાતનો બાંધકામ કરવા હકક કે અધિકાર નથી. જેથી વાદીએ હાલનો દાવો હિંદુ કાયદા અન્વયે દાખલ કરેલ છે. આમ, પ્રતિવાદીએ સી.પી.સી. ઓર્ડર-૭ રૂલ-૧૧ માં સાચી હકીકતો, વિગતો જણાવેલ નથી. જેથી તેમની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૫) પ્રતિવાદીઓ તરફે વકીલશ્રી દલીલ કરતા જણાવે છે કે, વેચાણ દસ્તાવેજ નં.૩૨૬૨ તા.૦૬/૦૪/૧૯૮૭ નો છે જે દસ્તાવેજને ચેલેન્જ કરેલ છે. ૨૦૧૦ માં વાંધો આપેલ છે. ત્યારથી નોલેજમાં છે તેવુ જણાય. આમ વાદીએ ૧૯૮૭ ના દસ્તાવેજને ૩૩ વર્ષ પછી ચેલેન્જ કરેલ છે જેથી વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે. જયારથી દસ્તાવેજની નોંધણી થાય ત્યારથી સમય મર્યાદા શરૂ થયેલ ગણાય. જેથી વાદીનો દાવો સમય મર્યાદા બહારનો હોય રદ કરવા અરજ કરેલ છે. પ્રતિવાદી તરફે નીચે મુજબની ઓથોરીટી રજુ કરેલ છે.

(૧) 2012 (0) AIGJ 227390

(૨) 2019 (0) AIJEL -SC-63798

(૩)1977 (0) AIJEL-SC-31368

(૪)2012(0) AIJGJ- 228986

ઉપરોકત ઓથોરીટી માનસહ વંચાણે લીધી તેમા રજુ થયેલ સિધ્ધાંતો ઘ્યાને લીધા જેની જરૂર પડયે ચર્ચા કરવામાં આવશે.

(૬) વાદીના વકીલશ્રી દલીલ કરતા જણાવે છે કે, પ્રતિવાદીએ હાલની અરજી આપી એવી રજુઆત કરેલ છે કે વાદીએ ૧૯૮૭ માં થયેલ દસ્તાવેજ રદ કરવા માટે નો દાવો કરેલ છે પરંતુ જયારે આ દસ્તાવેજ થયો ત્યારે વાદીની ઉંમર ૮ વર્ષની હતી. વાદીના માતૃશ્રીની સહી છે. સદર દસ્તાવેજ ૧૯૮૭ થી પેન્ડીગ હોવા છતા ૨૦૧૦ માં છોડાવેલ. આમ, પ્રતિવાદી નં.૧૦ નાએ એન્ટ્રી કરાવેલ.

વાદીના આણંદ મુકામે લગ્ન થયેલ હતા જેથી ડેટ ઓફ નોલેજ હતુ નહી. વારસાઈની નોંધ નં.૧ ૬૧૧ તા.૨૬/૦૯/૨૦૦૭ ના રોજ પડેલ તે વખતે વાદીને જોડેલ નહી. બાનાખતના વિશેષ અમલ માટે ત્રાહીત પક્ષકારે ૩૪૮/૨૦૧૯ થી દાવો કરેલ છે. વડીલોપાર્જીત મિલકતમાંથી બાકાત રાખેલ હોય સમય મર્યાદાનો પ્રશ્ન એ કાયદા અને હકીકતનો મિશ્ર પ્રશ્ન હોય પ્રતિવાદીઓની ૭/૧૧ નામંજુર કરવા અરજ કરેલ છે. વાદી વકીલશ્રી નીચે મુજબની ઓથોરીટી રજુ કરેલ છે.

(૧) નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા 2005 (0) AITEL-SC-37596

(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટ 2010 (0) AITEL-HC-223742

(૩)નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા 2015 (0) AITEL-SC-56153

(૪)નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા 2018 (0) AITEL-SC-63203

(૫) નામદાર ગુજરાત હાઈકોર્ટ 2022 (0) AITEL-HC-243947(૬) નામદાર ગુજરાત હાઈકોર્ટ 2021 (0) AITEL-HC-243278

ઉપરોકત ઓથોરીટી માનસહ વંચાણે લીધી તેમા રજુ થયેલ સિધ્ધાંતો ધ્યાને લીધા જેની જરૂર પડયે ચર્ચા કરવામાં આવશે.

(૭) ઉપરોકત અનુસંધાને જયારે સી.પી.સી. ઓર્ડર–૦૭ રૂલ–૧૧ અરજીનો નિર્ણય કરવાનો હોય ત્યારે આ બાબતે કેટલાક પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં અને સી.પી.સી. ઓર્ડર–૦૭ રૂલ–૧૧ નુ હાર્દ જોતાં જયારે, કોર્ટને પોતાને એમ જણાય અથવા તો અન્ય પક્ષકારની અરજી પરથી એવું ફલિત થાય કે, સદર દાવો કોઝ ઓફ એકસન વિનાનો છે, કોઈ કાયદાથી બાધિતછે તેમજ સી.પી.સી. ઓર્ડર–૦૭ રૂલ–૧૧ (એ) થી ૧૧ (એફ) સુધીના જે કારણો દર્શાવેલાં છે તે કોઈપણ કારણનો ભંગ થતો હોય તો વાદીનો દાવો રીજેકટ કરી શકાય. સાથે સાથે સી.પી.સી. ઓર્ડર–૦૭ રૂલ–૧૧ ની જોગવાઈઓ મુજબની કાર્યવાહી કરતી વખતે કોર્ટે એ ચુસ્તપણે ધ્યાન રાખવાનું છે કે, સી.પી.સી. ઓર્ડર–૦૭ રૂલ–૧૧ જોગવાઈઓનો બાધ છે તેવું માત્ર અને માત્ર વાદીના પ્લીડીંગ્સ પરથી નકકી કરવાનું છે એટલે કે, પ્રતિવાદીના કોઈ બચાવને ધ્યાનમાં લેવાનો નથી.

(૮) આમ, ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતોને નજરમાં રાખી હાથ પરની અરજીઓનુ વિશ્લેષણ કરતાં આ કામે વાદીએ હાલનો દાવો દસ્તાવેજ રદબાતલ ઠરાવી લેવા તથા વડીલોપાજી"ત મિલકતની અરસ પરસ વહેચણી કરાવી લેવા તથા હકક સ્થાપન માટે દાખલ કરેલ છે.

વાદીના દાવાની હકીકત જોવામા આવે તો વડોદરા,સબ ડીસ્ટ્રી. વડોદરા ના મોજે ગામ ચિખોદ્રા ની સીમ ના સર્વે નં ૪૧૧ (જુનો સર્વે નં ૫૦૪) ક્ષેત્રફળ ૦–૩૫–૪૧ હે.આરે.ચો.મી આકાર ૩.૧૮ તથા બ્લોક નં ૪૧૪ (જુનો સર્વે નં ૫૦૭) ક્ષેત્રફળ ૦–૩૯–૪૬ હે.આરે.ચો.મી આકાર ૩.૮૧ પૈકી વાળી જમીનો બાઈ હાહીબેન તે ધુળાભાઈ લલ્લુભાઈની વિધવા ની સ્વતંત્ર કબજા ભોગવટા વાળી આવેલી હતી તે જમીનો બાઈ ડાહીબેન તે ધુળાભાઈ લલ્લુભાઈની વિધવાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટા વાળી આવેલી હતી. સદર જમીનો બાઈ ડહીના નામે રેવન્યુ રેકર્ડ મા ફેરફાર નોંધ નં ૮૭ થી સને ૧૯૫૬ મા દાખલ થયેલી.

આમ, વાદી તથા પ્ર.વાદી નં ૧ થી ૬ ના ઓ પણ બાઈ ડાહી ના પુત્ર ચંદુભાઈ ધુળાભાઈના વારસદારો છીએ. બાઈ ડહી મૈયત થતા ફેરફાર નોંધ નં ૧૦૪૭ થી ધુળાભાઈ લલ્લુભાઈ ની વારસાઈ નોંધ પાડવામા આવેલ જેમા નોંધ નં ૧૦૪૭ થી શનાભાઈ ધુળાભાઈ, કમળાબેન ધુળાભાઈ, રેવાબેન તે ચંદુભાઈ ધુળાભાઈની વિધવા, ભાઈલાલભાઈ ધુળાભાઈ ના નામો દાખલ થયેલ. આમ, વાદી તથા પ્ર.વાદી નં ૧ થી ૬ નાઓ ચંદુભાઈ ધુળાભાઈના વારસો હોવા છતા તેમની વિધવા રેવાબેનનુ નામ દાખલ કરેલ અને વાદી તથા પ્ર .વાદી નં ૧ થી ૬ નાઓનો હિન્દુ વારસાઈ અધિનિયમ હેઠળ વારસાઈ હકકે કાયદેસરનો લાગ–ભાગ, હકક–હીત હીસ્સો હોવા છતા પ્ર.વાદી નં ૭,૮,૯ ના વડીલોએ રેવાબેનને ગેરમાર્ગે દોરી આડુ અવડુ સમજાવીને પ્ર.વાદી નં ૧૦ નાઓને તેઓ ચંદુભાઈ ધુળાભાઈના એકમાત્ર વારસદાર હોઈ વેચાણ દસ્તાવેજ નં ૩૨૬૨/૮૭ ના રોજ કરી આપેલ જે દસ્તાવેજમા ચંદુભાઈના વારસોની સહી સંમતિ વગર ગેરકાયદેસર રીતે માત્ર રેવન્યુ રેકર્ડ મા નામોને આધારે કરી આપેલ.

વાદીને કોઈપણ જાતની રેવન્યુ રેકર્ડની મિલકત અંગેની માહીતી ન હોઈ પરંતુ રેવન્યુ રેકર્ડ ની તપાસ કરતા જણાયેલ કે ૨૦૦૭ મા પ્ર.વાદી નં ૫ નાઓએ અધુરી નોંધ સંપુર્ણ કરાવવા માટે ચં દુભાઈ ધુળાભાઈ ના તમામ વારસોનુ પેઢીનામુ રજુ કરી ફેરફાર નોંધ નં ૧૬૧૧ પડાવેલ અને તે આધારે પ્ર.વાદી નં ૧ થી ૬ નાએ દાવાવાળી મિલકતના કાયદેસરના માલીક અને કબજેદાર બનેલા.

સદર દાવાવાળી મિલકતમા પ્ર.વાદી નં ૧૦ નાએ કહેવાતો વેચાણ દસ્તાવેજ કરાવી લીધા બાદ સને ૨૦૧૦ સુધીમા વેચાણ દસ્તાવેજ ના આધારે રેવન્યુ રેકર્ડ મા કોઈ નોધ પડાવવાની કાર્યવાહી કરેલ નહી. ૨૦૧૦ મા સદર કહેવાતા વેચાણ દસ્તાવેજની ગામ રેકર્ડમા ફેરફાર નોંધ નં ૧ ૮૧૨ આશરે ૨૩ વર્ષ બાદ દાખલ કરવા અરજી ગુજારતા પ્ર.વાદી નં ૧ થી ૬ ના તથા અન્ય વડીલોના નામો ગામ દફતરે ચાલતા હોય લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૩૫(ડી) ની નોટીસ બજતા તેઓએ વાંધા આપેલ અને સદર નોંધ તકરારી થયેલ તેમ છતા પ્ર.વાદી નં ૧૦ નાઓએ પ્ર.વાદી નં ૧૧ નાઓને રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી સદર જમીન વેચાણ કરી દીધેલ.

ત્યારબાદ વાદી તેમના પિયર આવતા જતા હોય સને ૨૦૧૯ મા સ્પે.દિ.મુ.નં ૩૪૮/૧૯ ના દાવાની નકલો વાદીના માતાના ઘરે આવતા અમોએ અમારા ભાઈને પુછપરછ કરેલી જેથી વાદીને જાણ થયેલ કે ફેરફાર નોંધ નં ૧૬૧૧ થી તમામ વારસોના નામો દાખલ કરાવેલ હોવા છતા વાદીનુ નામ જે તે સમયે દાખલ થયેલ નહી તેની જાણ થયેલી.

આમ પ્ર.વાદી નં ૧૦ નાઓને કરી આપેલ વેચાણ દસ્તાવેજ અમો વાદી ના હકક હીત વિરુધ્ધ હોઈ તેમજ મૈયત રેવાબેન ચંદુભાઈને સદર જમીન એકલાને વેચાણ આપવાનો કોઈ હકક કે અધિકાર ન હોવા છતા પ્ર.વાદી નં ૧૦ ને વેચાણ દસ્તાવેજ વાદી તથા પ્ર.વાદી નં ૧ થી ૬ ની સહી સંમતિ વિના કરેલ હોઈ તેમા હીન્દુ કાયદા મુજબ ચંદુભાઈના વારસોનો હકક હીત હીસ્સો સમાયેલો છે. પ્ર.વાદી નં ૧૦ નાએ અમો વાદીની માતા પાસેથી તેમજ પ્ર.વાદી નં ૭,૮,૯ ના વડીલો પાસેથી કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર અને નિરર્થક છે. પ્ર. વાદી નં ૧૦

ને કોઈ માલીકી હકક પ્રસ્થાપિત ન હોવા છતા પ્ર.વાદી નં ૧૦ ને પ્ર. વાદી ૧૧ નાને કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજો નં ૨૩૪૦/૧૯, ૨૩૪૧/૧૯, નિરર્થક અને રદબાતલ છે તેવુ ઠરાવી લેવા વાદીએ હાલનો દાવો કરેલ છે.

ઉપરોકત વાદીની દાવાઅરજીની હકીકતો જોતા સૌ પ્રથમ વાદીના કથન મુજબ તેઓ તકરારી મિલકતમા ચંદુભાઈના વારસદાર છે.

વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા ચંદુભાઈ ઘુળાભાઈ ઠાકોર તા ૨૧/૭/૮૧ ના રોજ મરણ ગયેલ છે.

- **ઠાકરડા રેવાબેન ચંદુભાઈ તા ૬/૬/૧૧ ના રોજ મરણ ગયેલ છે.**
- **ઠાકરડા ચંદુભાઈ ઘુળાભાઈનુ પેઢીનામુ રજુ કરેલ છે જે ઘ્યાને લેતા વાદી તથા પ્ર.વાદીનં ૧ થી ૬ ના ચંદુભાઈના વારસદાર હોવાનુ જણાઈ આવે છે.**
- **નોંધ નં ૧૦૪૭ તા ૯/૧૦/૮૨ ના રોજ વારસાઈ નો નોંધ પડેલ છે.**
- **નોંધ નં ૧૬૧૧ તા ૨૬/૯/૦૭ ના રોજ પડેલ જેમાં ઠાકરડા ચંદુભાઈ ઘુળાભાઈ તા ૨૧/૭/૮૨ ના રોજ અવશાન થતા તેમની વારસાઈ ની એન્ટ્રી જે તે વખતે ૧૦૪૭ થી તા ૯/૧૦/૮૨ થી પડેલ પરંતુ તેમા સીધી લીટીના વારસદારો બાકી રહેતા તેમના નામો દાખલ કરવા તલાટી રુબરુ પેઢીનામુ રજુ થવાથી વારસદારોના નામ વારસાઈ હકકે દાખલ કરવા અરજી આવતા વારસાઈ નોંધ કરી.**

સૌ પ્રથમ અરજીનો નિર્ણય કરતા પહેલા સી.પી.સી. ઓડ"ર ૭ રુલ ૧૧ ની જોગવાઈ વંચાણે લેવી જરુરી છે.

ઓર્ડર ૭ રુલ ૧૧દાવા અરજીની અસ્વીકૃતિ નીચેના પ્રસંગોએ દાવા અરજીનો અસ્વીકાર કરવામા આવે છે.

(એ) દાવા નુ કારણ જણાવવામા આવેલ ન હોય

(બી) માંગેલ દાદ ની કિંમત ઓછી આંકી હોય, અને ન્યાયાલય ઠરાવે તે મુદતમા કિંમતનો આંકડો સુઘારી આપવાનુ કહયા છતા વાદી તેમ ન કરે

(સી) માંગેલ દાદની કિંમત બરાબર આંકી હોય, પણ ઓછા સ્ટેમ્પ મારેલ કાગળ ઉપર દાવા અરજી લખી હોવાથી તેમ ન કરે.

(ડી) દાવા અરજીમા લખેલ નિવેદન ઉપરથી દાવો કોઈપણ કાયદાથી બાઘીત જણાતો હોય.

(ઈ) બે નકલ મા ફાઈલ કરી ન હોય ત્યારે

(એફ) જયાં નિયમ ૯ ની જોગવાઈઓનુ પાલન કરવામા વાદી નિષ્ફળ જાય.

ઉપરોકત જોગવાઈ ઘ્યાને લેતા જયારે દાવા અરજમા દાવાનુ કારણ દર્શાવવામા આવેલ ન હોય ત્યારે તેમજ દાવાને કોઈપણ કાયદાનો બાધ નડતો હોય ત્યારે અદાલત સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧ મુજબ દાવા અરજીનો અસ્વીકાર કરી શકે છે.

વાદીની દાવાઅરજીમા દાવાનુ કારણ છે કે કેમ તે અંગે દાવાઅરજના પેરા નં ૬ વાંચતા પ્ર.વાદી નં ૧૦ નાએ સને ૨૦૧૦ મા વેચાણ દસ્તાવેજના આધારે રેવન્યુ રેકડ" મા નામ દાખલ કરાવવા કાર્યવાહી કરતા રેકર્ડ પરના વાદી સિવાયના અન્ય વારસદારોને લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૩૫ (ડી) ની નોટીસ બજતા રેકર્ડ પરના વારસદારોએ સદર નોંધ સામે કાયદેસરની કાર્યવાહી કરેલ અને વાદીનુ નામ રેવન્યુ રેકર્ડમા ન હોઈ તેની જાણ વાદીને થયેલ નહી પરંતુ વાદી પીયર મા આવતા ૨૦૧૯ મા સ્પે.દી.મુ. નં ૩૪૮/૧૯ ના દાવ અંગે નોટીસ સમન્સ વાદીના માતાના નામે આવતા તપાસ કરતા ફેરફાર નોંધ નં ૧૬૧૧ દાખલ થયેલ હોવાનુ જાણવા મળેલ. જેમા પણ વાદીનુ નામ રેવન્યુ રેકર્ડમા દાખલ થયેલ નહી. આમ વાદીના કહેવા મુજબ જે દાવાનુ કારણ ઉભુ થયેલ છે તે દાવા અરજમા સ્પષ્ટપણે દર્શાવેલ છે.

જો કે વાદીના દાવાને સમયમર્યાદાના કાયદાનો બાધ નડતો હોવાના કારણસર વાદીની દાવાઅરજ નામંજુર કરવા પાત્ર થાય છે તેવી પ્રતિવાદીની દલીલમા તથ્ય હોવાનુ જણાય છે.

વધુમાં વાદીના દાવાને સમયમર્યાદા ના કાયદા મુજબ જોવામાં આવે તો જો વાદીના દાવાને સમયમર્યાદા ના કાયદાનો બાધ નડતો હોય ત્યારે દાવાઅરજી સી.પી.સી ઓર્ડર ૭ (૧૧)(ડી) મુજબ અસ્વીકાર કરી શકાય કે કેમ તે અંગે નામદાર હાઈકોર્ટના ચુકાદા કાનજીભાઈ ભગવાનભાઈ પટેલ વિ. નંદુબેન શામજીભાઈ સોરઠીયા ૨૦૧૩(૧) જી.એલ.આર ૫૧અને બેચરભાઈ ઝવેરભાઈ પટેલ વિ. જશભાઈ શિવાભાઈ પટેલ ૨૦૧૩(૧) જી.એલ.આર ૩૯૮ વંચાણે લેતા જયારે દાવો સમય મર્યાદા બહાર હોય ત્યારે દાવાઅરજ સી.પી.સી ઓર્ડર ૭ રુલ ૧૧(ડી) મુજબ અસ્વીકાર કરી શકાય સી.પી.સી ઓર્ડર ૭ રુલ ૧૧(ડી)મા ઉલ્લેખ કરેલ શબ્દો કોઈપણ કાયદાથી બાધીત મા સમયમર્યાદાના કાયદા ૧૯૬૩ નો પણ સમાવેશ થાયછે. આમ,દાવાઅરજને સમયમર્યાદાનો બાધ નડે છે તે કારણસર પ.વાદીઓએ દાખલ કરેલ હાલની અરજ ચાલવાપાત્ર છે.

વાદી તરફે એવી દલીલ કરવામા આવેલ છે કે, પુરાવો લીધા સીવાય ઓર્ડર ૭ રુલ ૧૧ની અરજીનો નિર્ણય કરી શકાય નહી. જોકે નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદા,સલીમભાઈ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ એ.આઈ.આર.૨૦૦૩ એસ.સી ૭૫૯ ના પેરા નં ૯ મા નીચે મુજબ ઠરાવેલ છે.

"9. A perusal of O. VII, R. 11, C.P.C. makes it clear that the relevant facts which need to be looked into for deciding an application thereunder are the averments in the plaint. The trial Court can exercise the power under O. VII, R. 11, C.P.C. at any stage of the suit before registering the plaint or after issuing summons to the defendant at any time before the conclusion of the trial. For the purposes of deciding an application under Cls. (a) and (d) of R. 11 of O.VII, C.P.C.,the averments in the plaint are germane; …."

(૯) ઉપરોકત ચુકાદાને વંચાણે લેતા, ઓર્ડર ૭ રુલ ૧૧મુજબની અરજનો નિર્ણય દાવાઅરજમા જણાવેલ હકીકતોને આધારે કરી શકાય જયારે દાવાઅરજની હકીકતો તથા રજુ થયેલ ચુકાદાને વંચાણે લેતા ઓર્ડર ૭ રુલ ૧૧મુજબની અરજનો નિર્ણય દાવાઅરજીમા જણાવેલ હકીકતોના આધારે કરી શકાય. જયારે દાવાઅરજી ની હકીકતો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા જ દાવો સમયમર્યાદા બહાર જણાતો હોય ત્યારે તે માટે પુરાવો લેવો જરુરી નથી.

વાદીએ હાલનો દાવો તા ૨૬/૧૧/૨૧ ના રોજ વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા તથા વડીલોપાર્જીત મિલકતની અરસ પરસ વહેચણી કરાવી લેવા માટે કરેલ છે.

વાદીના જણાવ્યા મુજબ વાદીના પિતા ચંદુભાઈ ગુજરી જતા રેવન્યુ રેકર્ડ મા એકમાત્ર તેમની માતાને ગેરમાર્ગે દોરી આડુ અવડુ સમજાવી પ્રતિવાદી નં ૧૦ નાઓને વેચાણ દસ્તાવેજ કરી આપેલ. હવે તે સંદર્ભે રજુ થયેલ પુરાવો જોવામા આવે તો વાદીના પિતા તા ૨૧/૭/૮૧ ના રોજ મરણ ગયેલ છે જયારે હાલનો દસ્તાવેજ તા ૬/૪/૮૭ ના રોજ થયેલ છે. દસ્તાવેજ થયા બાદ તા ૬/૬/૧૧ ના રોજ વાદીના માતુશ્રી મરણ ગયેલ છે. જે દસ્તાવેજ જોતા વાદીના માતાશ્રી ની સહી છે. સદર દસ્તાવેજ થયા બાદ ૨૪ વર્ષ સુધી વાદીના માતા જીવીત રહેલ છે. આ ૨૪ વર્ષના સમયગાળા દરમ્યાન વાદીની માતાએ કોઈ જગ્યાએ ફરીયાદ કરેલ હોય કે મને ગેરમાર્ગે દોરી આડુ અવડુ સમજાવી સહીઓ કરાવી લીધેલ છે તેવી કોઈ હકીકત રેકર્ડ પરથી ફલીત થતી નથી. આમ રજુ થયેલ વેચાણ દસ્તાવેજ જોતા ૧૯૮૭ ની સાલથી તે મિલકતનો કબજો ભોગવટો હાલના પ્રતિવાદી નં ૧૦ પાસે હોવાનુ પણ જણાઈ આવે છે.

વાદીના જણાવ્યા મુજબ સને ૨૦૦૭ મા પ્ર.વાદી નં ૫ નાઓએ રેવન્યુ રેકર્ડની તપાસ કરતા તેઓએ વારસોનુ પેઢીનામુ રજુ કરી નોંધ નં ૧૬૧૧ પડાવેલ હવે રજુ થયેલ પેઢીનામુ જોવામા આવે તો તે પેઢીનામા મા નં ૮ મા અંબુબેન એટલે કે હાલના વાદીનુ નામ છે. હવે તા ૨૬/૯/૦૭ નિ ૪/૬ થી નોંધ નં ૧૬૧૧ પડેલ છે. પરંતુ તેમા હાલના વાદીનુ નામ વારસદાર તરીકે દાખલ કરેલ નથી. પોતાનુ નામ વારસદાર તરીકે કેમ દાખલ થયેલ નથી તે બાબતે હાલના વાદીએ કોઈ વાંધો વિરોધ કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર રજુ થયેલ નથી. ઉલટાનુ વાદીના ભાઈએ જે પેઢીનામા ના આધારે નોંધ નં ૧૬૧૧ દાખલ કરેલ છે તેમા રજુ થયેલ પેઢીનામા મા વાદીનુ નામ છે જેથી પણ વાદીને તે બાબતની જાણકારી ૨૦૦૭ મા હોવાનુ માનવાને કારણ રહે છે.

હવે વાદીના જણાવ્યા મુજબ પ્રતિવાદી નં ૧૦ નાઓએ કહેવાતા વેચાણ દસ્તાવેજ કરાવી લીધા બાદ ૨૦૧૦ સુધીમા વેચાણ દસ્તાવેજ ના આધારે રેવન્યુ રેકર્ડમા કોઈપણ જાતની નોંધ કરવાની કાર્યવાહી કરેલ નહી. અને ૨૦૧૦ મા આશરે ૨૩ વર્ષ બાદ નોંધ નં ૧૮૧૨ દાખલ કરવા અરજી કરેલ જેથી ૧૩૫(ડી) ની નોટીસ પ્ર.વાદી નં ૧ થી ૬ ની નોટીસ બજતા વાંધા આપેલ પરંતુ રેકર્ડ જોતા વાદીના માતા ૨૦૧૧ ના વર્ષ સુધી હયાત હતા જો તેમની પાસેથી ખોટી રીતે ફોસલાવીને દસ્તાવેજ કરાવી લીધેલ હોત તો તેઓ ચોકકસ વાંધો ઉઠાવેલ હોત આ ઉપરાંત વાદીના જણાવ્યા મુજબ તેમને ૧૩૫ (ડી) ની નોટીસ બજેલ નથી પરંતુ તેમના માતા હયાત હોઈ તેઓને નોટીસ ની બજવણી થયેલ હશે. અને જેની જાણ વાદીને હોવાનુ પણ જણાઈ આવે છે.

આ ઉપરાંત ૨૦૦૭ થી જે નોંધ રદ કરાવવાની કાર્યવાહી કરનાર અન્ય કોઈ ઈસમ નહી પરંતુ વાદીનો સગો ભાઈ છે વાદી ને તેમના ભાઈ સાથે અણબનાવ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પરથી ફલીત થતી નથી. આ ઉપરાંત વાદીના વડવાઓએ જે દસ્તાવેજ ૧૯૮૭ મા કરી આપ્યો તે બાબતની જાણ વાદીને હોવાનુ કારણ રહે છે. વાદીએ હાલમા દાવામા પોતાની ઉમર ૪૮ વર્ષ હોવાનુ જણાવેલ છે. સદર દસ્તાવેજ ખોટી રીતે કરાવી લીધેલ હોય તો વાદીએ પુખ્ત ઉમરના થયા પછી આટલા વર્ષો સુધી કેમ બેસી રહયા વધુમા વાદી ના માતા ૨૦૧૧ સુધી હયાત હતા જેથી આ સમયગાળા દરમ્યાન પણ વાદગ્રસ્ત જમીન અંગે વાદીને જાણ થયેલ હોવાનુ માનવાને કારણ રહે છે. વાદીના ભાઈએ જે કાર્યવાહી કરેલ તે કાર્યવાહી પણ ૨૦૦૭ માં થયેલ છે. વાદીને પોતાના ભાઈ સાથે અણબનાવ છે અથવા વાદીના ભાઈએ કરેલ કાય"વાહી ની તેઓને ખબર નથી તેવી પણ કોઈ હકીકત રેકડ" ઉપરથી ફલીત થતી નથી.

ના.કર્ણાટક હાઈકોર્ટ તેમના ચુકાદા અમીરુદીન વિ. હુસેનસબ ઈમામરાવ હકકી, એ.આઈ.આર ૨૦૧૨ કર્ણાટક ૧૧૫ ના ચુકાદામા ઠરાવેલ છે કે,.... .

If the plaintiff had claimed the ownership of subject land and is accusing another person, as having violated his proprietory rights, The starting point of cause of action is that the day when such right is violated and not a date when the plaintiff in fact realises that his rights havebeen violated by some offensive act on the part of the defendant. The convenient attitude of "do not care" about the developments in the property, cannot save the starting point of limitation in favour of a person who prefers to shut his eyes to reality and wants to live in Make believe world. Well if rip van winkle had chosen to sleep for long years in the woods, world did not wait for him,went past him and when he woke up from his slumber and returned to his village, he found it was a totally different and changed world ! If the plaintiff wants to assume the role of a rip van winkle, well he has to pay for it and no premium can be placed in favour of persons who choose to sleep rather than to be vigilant about their property rights.

The whole idea of enacting the Law of Limitation and the purpose of putting in a law like this in place, is to ensure that things which have got settled over a period of time, are not disturbed just because of ancient rights and more so Courts declining to lend their hands in favour of indolent and irresponsible persons, who, allow things to develop all around them, but remain inactive. Law helps the vigilant persons with bonafides and not the indolent and negligent. Feigning ignorance of the developments is no good for saving limitation to any person, the present case of the plaintiff is no different.

ઉપરોકત ચુકાદાને ધ્યાને લેતાં, દાવાનુ કારણ જે દિવસે અધિકારનો ભંગ થાય તે દિવસથી ઉભુ થયુ ગણાય, જે દિવસે વાદીને તેના અધિકાર ભંગ ની જાણ થાય તે દિવસથી ઉભુ થયેલુ કહેવાય નહી વાદી વર્ષો સુધી બેસી રહેલ છે. જે તેમની બેદરકારી સ્પષ્ટપણે રેકર્ડ પર છે. સદર જમીનનો વેચાણ દસ્તાવેજ ૧૯૮૭ ના વર્ષનો છે વાદીની હાલની ઉંમર જોતા ૪૮ વર્ષ છે જેથી વાદીએ પોતાના હકક માટેની કાર્યવાહી પોતે પુખ્ત વયના થતા કરવાની રહે છે. અથવા

વાદીના ભાઈએ ૨૦૦૭ મા વારસાઈ ની નોંધ પડાવેલ ત્યારે કરવાની રહે છે. . વાદી વર્ષો સુધી બેસી રહેલ છે. જે તેમની બેદરકારી રેકર્ડ ઉપર છે.

નામદાર સુપ્રિમ કોર્ટનો **<u>ખત્રી હોટેલ પ્રાઈવેટ લીમીટેડ વિ. યુનીયન ઓફ ઈન્ડીયા , એ.આઈ.આર ૨૦૧૧એસ.સી. ૩૫૯૦</u>** નો ચુકાદો વંચાણે લેવો જરુરી છે. તેના પેરા નં ૨૭ મા ઠરાવવામા આવેલ છે.

"27.While enacting Article 58 of the 1963 Act, the legislaturehas designedly made a departure from the language of Article 120 of the 1908 Act. The word 'first' has been used between the words 'sue' and 'accrued'. This would mean that if a suit is based on multiple causes of action, the period of limitation will beginto run from the date when the right to sue first accrues. To put it differently, successive violation of the right will not give rise to fresh cause and the suit will be liable to be dismissed if it is beyond the period of limitation counted from the day whenthe right to sue first accrued...."

સદર ચુકાદાને ધ્યાને લેતાં દાવાનુ કારણ જે દિવસે અધિકારનો ભંગ થાય તે દિવસથી ઉભુ થયુ ગણાય જે દિવસે વાદીને તેના અધિકારની જાણ થાય તે દિવસથી ઉભુ થયેલ ગણાય નહી. વાદી વર્ષો સુધી બેસી રહેલ છે. તે તેમની બેદરકારી સ્પષ્ટ રેકર્ડ પર છે.ત્યારે વાદીનો દાવો સમયમર્યાદામા છે તેમ કહી શકાય નહી.આમ ઉપરોકત ચર્ચા પ્રમાણે વાદીને અગાઉના વ્યવહાર ની જાણ ૨૦૦૭ થી હોવાનુ માનવાને કારણ છે. વાદીના ભાઈએ વારસાઈ કરાવી તેમા હાલના વાદીનુ નામ દર્શાવેલ છે. વાદીના ભાઈ સાથે વાદીને અણબનાવ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર નથી. આમ વાદીને જાણકારી હતી તેમ છતા વાદીએ સમયમર્યાદામા દાવો દાખલ કરેલ નથી.

આમ, સદર હકીકતો ધ્યાને લેતા વાદીઓએ સમયમર્યાદાના કાયદા મુજબ સમયમર્યાદામા દાવો દાખલ કરેલ નથી જેથી નામદાર હાઈકોર્ટ ના ચુકાદા જી.એલ.આર ૨૦૧૩(૧) પાન નં ૫૧કાનજીભાઈ વિ. નંદુબેન તથા બેચરભાઈ ઝવેરભાઈ પટેલ વિ. જશભાઈ શીવાભાઈ પટેલ ૨૦૧૩(૧) જી.એલ.આર ૩૯૮ મુજબ, જયારે દાવો સમયમર્યાદા બહાર હોય ત્યારે દાવાઅરજ સી.પી.સી ઓર્ડર ૭ રુલ ૧૧(ડી) મુજબ અસ્વીકાર કરી શકાય નામદાર સુપ્રિમ કોર્ટ ના ચુકાદા, સલીમભાઈવિ.સ્ટેટ ઓફ મહારાષ્ટ, એ.આઈ.આર ૨૦૦૩ એસ.સી. ૭૫૯ મુજબ જયારે દાવાઅરજ દસ્તાવેજ પુરાવાથી વાદીનો દાવો કોઈ કાયદાથી બાધીત જણાતો હોય તો પુરાવો લેવાની કોઈ આવશ્યકતા રહેતી નથી. હાલના દાવા મા પણ દાવાઅરજ તથા દસ્તાવેજી પુરાવાથી વાદીનો દાવો સમયમર્યાદા બહાર હોવાનુ સાબીત થાય છે. જેથી હાલના દાવામા પુરાવો નોંધવો આવશ્યક જણાતુ નથી.

ઉપરોકત એકંદરે હકીકતે રજુ થયેલ ના. સર્વોચ્ચ અદાલત તથા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ માનસહ ધ્યાને લેતા હાલના કામે વાદીની દાવાઅરજી તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા વાદીનો દાવો વર્ષો વરસ પછી કરેલ હોવાથી સમયમર્યાદા બહારનો હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે. જેથી ઉપરોકત તમામ ચર્ચાના અંતે વાદીની દાવાઅરજી તથા રજુ થયેલ

દસ્તાવેજી પુરાવા તથા નામદાર ઉપલી અદાલતોના ચુકાદાઓમા પ્રસ્થાપીત સિધ્ધાંતો ને ધ્યાને લઈ નીચે મુજબ નો આખરી હુકમ ફરમાવુ છું.

–: હુકમ :–

૧. પ્રતિવાદી નં. ૧૧ ની આંક–૨૧ ની અરજી મંજુર કરવામા આવે છે.

૨. વાદીની દાવાઅરજી સી.પી.સી ઓર્ડર ૭ રુલ ૧૧(ડી) ની જોગવાઈ અન્વયે અસ્વીકાર(રીજેકટ) કરવામા આવે છે.

૩. બંને પક્ષોએ પોતપોતાનું ખર્ચ ભોગવવુ.

૪. હુકમ ની એક નકલ આંક ૧ની દાવા અરજ સાથે રાખવી.

હુકમ આજ તારીખ ૨૩ મી માહે જાન્યુઆરી સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, જાહેર કર્યો.

તારીખ–૨૩/૦૧/૨૦૨૪

(એ . એ સ .શે ખ)
જથા એ ડી. સીનીયર સીવીલ જજ,વડોદરા
GJ 00899